### બનાસકાંઠામાં વીજળી પડવાથી વધુ ત્રણ પશુના મોત થયા

# કાંકરેજના ઉપરેચામાં બે ભેંસ અને દિયોદરના ભડકાસરમાં ગાય પર વીજળી ત્રાટકી

### ત્રણ દુધાળા પશુના વીજળી થી મોત થતા બે પશુ પાલકની આજીવિકા છીનવાઇ

પાલનપુર તા.૧૧

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી ગાજ વિજ સાથે કમોસમી વરસાદ પડી રહ્યો છે જેમાં રાત્રે દિયોદર અને કાંકરેજ તાલુકામાં આકાશી વિજળી પડવાથી વધુ ત્રણ દુધાળા પશુના મોત થતા બે પશુ પાલકની આજીવિકાનો અસર પહોંચવા પામી છે જોકે અગાઉ પણ વિવિધ ગામોમાં વીજળી પડવાથી ૩૨ જેટલા દુધાળા પશુઓના મોત નીપજ્યા હતા.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,બનાસકાંઠા જિલ્લામાં મંગળવાર ની રાત્રે વિવિધ વિસ્તારોમાં વાવાઝોડા સાથે વીજળીના કડાકા ભડાકા વચ્ચે કમોસમી વરસાદ ખાબક્યો હતો જેમાં દિયોદર તાલુકાના ભડકાસર ગામે વીજળી પડતાં ઘેમરભાઇ વરવાભાઈ રબારી ના ખેતરમાં બાંધેલ ગાય પર વીજળી ત્રાટકતા ગાયનું મોત નિપજ્યું હતું તેમજ કાંકરેજ તાલુકાના ઉપરેચા ગામે પણ એકા એક વીજળી પડતાં ભૂપતજી ગલાબજી ગોઠડીયાના ખેતરમાં બાંધેલ બે ભેંસ પર આકાશી વિજળી પડતાં આ બંને દુધાળા પશુના મોત નીપજ્યા હતા જોકે વીજળી પડવાથી બે પશુ પાલકો ની આજીવિકા છીનવાઈ જતા પશુ પાલન વિભાગ દ્વારા આ અસરગ્રસ્ત પશુ પાલકો ને પશુ મરણ માં વળતર ચૂકવવા ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



# પાલનપુરના વીરપુર નજીક હાઈવે પર વરસાદી પાણી ભરાઈ જતાં વાહન ચાલકો અટવાયા

### સામાન્ય વરસાદમાં અંબાજી જતો હાઇવે બેટમાં ફેરવાયો

પાલનપુર તા.૧૧

પાલનપુર તાલુકા રાત્રે ગાજ વિજ સાથે વરસાદ પડ્યો હતો જેને લઈ પાલનપુર અંબાજી હાઈવે પર આવેલ વીરપુર નજીક હાઈવે પર કેડ સમુ વરસાદી પાણી ભરાઈ જતાં આ માર્ગે પસાર થતા વાહન ચાલકો અટવાઈ પડ્યા હતા. જેમાં કેટલાક વાહન ચાલકો પાણીમાં વાહનો હંકારતા કેટલાય વાહનો પાણી વચ્ચે ખોટવાઈ પડ્યા હતા અને કેટલાક વાહન ચાલકો પાલનપુર આવવા જવા માટે વાયા ગણેશપુરા જતા ખેતરોનો તા માર્ગનો સહારો લેવો પડ્યો હતો. જોકે વીરપુર પાટિયા પાસે નીચાણવાળા ભાગમાં હાઈવે પસાર થઈ રહ્યો હોય સામાન્ય વરસાદમાં અહી પાણી ભરાઈ જતું હોય વાહન ચાલકો અટવાઈ રહ્યા છે.



# થરાદમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે વિશાળ જનસભાને સંબોધી : ૩૦ હજારથી વધુ જનમેદની ઉમટી

### જિલ્લા પ્રમુખ કીર્તિસિંહ વાઘેલાએ પીએમ મોદીને ડિજિટલ સમર્થન આપવા મો. ૯૦૯૦૯૦૨૦૨૪ જાહેર કરતા,હજારો લોકોએ સમર્થન આપ્યું : નવ વર્ષના સુશાસનમાં કરોડોની યોજનાઓ તેમજ જિલ્લામાં પાણી સમસ્યાનો આવ્યો અંત : મુખ્યમંત્રી

ડિસા, તા.૧૧

બનાસકાંઠા જિલ્લાનાં થરાદમાં આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં જન સંમેલન યોજાયું હતું. જેમાં પીએમનો નવ વર્ષનો શાસન કાળ વિકાસની વણથંભી વણઝાર લાવનારો બન્યો હોવાની આંકડાકીય માહિતી આપી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે પીએમ મોદીની ભરપેટ પ્રશંસા કરી હતી. આ પ્રસંગે સીએમ બનાસકાંઠાના મહેમાન બનતા,સાંસદ પરબતભાઈ,જિલ્લા ભાજપ પ્રમુખ ,જિલ્લા તેમજ તાલુકા ભાજપ સંગઠન તેમજ ધારાસભ્યો દ્વારા વિશેષ ભેટ સોગાદો અને પુષ્પમાળાઓ અર્પણ કરી મુખ્યમંત્રીનું ભવ્ય સન્માન કરાયું હતું. આ પ્રસંગે જિલ્લા પ્રમુખ કીર્તિસિંહ વાઘેલાએ સરહદી બનાસકાંઠા જિલ્લામાં થયેલ પાણી ,શિક્ષણ ,આરોગ્ય ,અને ખેતી તેમજ રોજગાર ક્ષેત્રના કામોની યાદી આપી પીએમ મોદીનો ખાસ આભાર માન્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે "દેશમાં પરિવર્તનનો યુગ છે.પીએમ મોદીનાં નવ સાલ બેમિસાલ રહ્યા છે. જ્યારે સાંસદ પરબતભાઈ પટેલે જાહેર કર્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં સત્તા સ્થાનનાં આ નવ વર્ષથી દેશમાં સેવા સુશાસન અને ગરીબ કલ્યાણમાં મોટું પરિવર્તન આવ્યું છે.વર્ષ ૧૯૯૫ માં ધારાસભ્ય હતો. ત્યારે કોંગ્રેસ સરકાર પાસે આ જિલ્લા ની પાણી સમસ્યા અને વિકાસ માટે હાથ જોડી કામ માંગુ પણ કોંગ્રેસ દ્વારા કોઈ કામ કરાયું નહિ.અને લોકોને બેહાલ છોડાયા જોકે ધન્ય થયા બનાસકાંઠા વાસીઓ કે જેઓને પીએમ મોદીએ વગર માગ્યા મુજબ નર્મદા ,તળાવો ,સુજલામ સુફલામ્ અને પાણી આપ્યું.જિલ્લા માં ચાલુ માસે અનેક યોજનાઓ કરોડોના ખર્ચે તાજેતરમાં ચાલુ કરાઈ છે.ત્યારે થરાદ - ધાનેરા ૧૪૧૧ કરોડનાં નવીન કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવાઈ છે.દેશમાં ૯ લાખથી વધુ ગરીબોને નિશુલ્ક ગેસ આપ્યો છે.દેશના મંદિરોમાં આધુનિક નવીનીકરણ કર્યું .દેશમાં પીએમ આવાસ યોજનામાં ૬૦% મકાનો



બન્યા . રાજ્યમાં શિક્ષણ ૩૨% ડ્રોપ રેશિયો હતો. જે ઘટી ૦ % પહોંચ્યો .આ પરિવર્તન યુગનો પવન છે.પીએમ મોદીએ યુક્રેનમાં ભારતના વિદ્યાર્થીઓ ભારત પરત લાવવા થોડા સમય સુધી યુદ્ધ બંધ કરાવ્યું તે કામ અકલ્પિત છે.હાલ રાજ્યમાં કોંગ્રેસ ૧૬ બેઠક છે .હાલ જે કોંગ્રેસમાં છે તે ભાજપમાં આવવા માંગે છે. વર્ષ ૨૦૨૪ ની લોકસભા માં ભાજપ નો ભગવો તમામ ૨૬ બેઠકો પર નિશ્ચિત છે પણ સામાં ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થવી જોઈએ.તેવું જણાવી તેઓએ પીએમ ને શબ્દો થી વધાવ્યા હતા. આ જનસભા ને સંબોધતા સીએમ ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે " જિલ્લામાં ૧૪૦૦ કરોડની પાણી હેતુની પાઈપલાઈન મંજૂર કરી,છે જેથી જિલ્લામાં પાણી સમસ્યા નહિ રહે,અને જો હજુ ક્યાંય જરૂરી હોય તો સૂચન કરજો તુરત કામ કરશું.આ દેશમાં પીએમનું નેતૃત્વ અને કામગીરી ન ભૂતો ન ભવિષ્યતિ થઈ હોય,વિશ્વમાં કોઈ સમસ્યા હોય તેના સમાધન માટે લોકો પીએમ તરફ જુએ છે ઓસ્ટ્રેલિયન પીએમ દ્વારા કહેવાયું હતું કે નરેન્દ્રભાઈ મોદી ઈઝ એ બોસ ,તે ગૌરવ લેવા જેવું છે નવ વર્ષના સુશાસનમાં પીએમ પર કોઈ દાગ લાગ્યો નથી આજે તમામ યોજનાકીય લાભો છેવાડાનાં માનવી સુધી પહોંચે છે.દેશમાં તાજેતરમાં ગ્રામીણ લેવલમાં મલ્ટીસ્પેશિયલ હોસ્પિટલ બનાવી,આ ડેવલોપમેન્ટ નું ઉત્તમ ઉદાહરણ છે, નલ સે જલ ૧૧ કરોડ લોકોનાં ઘર સુધી પાણી,દેશમાં આયુષ્યમાન ૨૩.૩ કરોડ કાર્ડ ઈસ્યુ કરાયા છે. ૪.૫૪ કરોડ લોકોએ લાભ લીધો છે.ગુજરાત આ સેવામાં ૧૦ કરોડ નો વીમા લાભ ટુંક સમયમાં આપશે.દેશમાં પીએમ દ્વારા ડિજિટલ પેમેન્ટ લાગુ કર્યું.જે વિશ્વમાં ડિજિટલ પેમેન્ટ થાય તેમાં ૪૦ % ભારતમાં થાય છે.પીએમ સ્વનિધી યોજના ૩૪.૩૫ લાખ લારી ,ફેરિયાઓને મળે છે.ગુજરાતમાં ૧૨૭૫ સીટો માંથી ૬૦૦૦ થઈ ૬૪૧ મેડિકલ કોલેજ માં થી ૨૦૪૧ કરી ,નાનામાં નાના ગામડાઓ સુધી તબીબી સેવાઓ મળી રહે છે.તો દેશમાં એમ્સ ની સંખ્યા ૨૦૧૪ માં ૦૮ હતી તે હવે ૨૩ થવા જઈ રહી છે. આખા દેશમાં પહેલા ૭૪ એરપોર્ટ હતા જે હવે ડબલ થયા છે.પીએમ મોદીએ કોરોના સમયમાં ૮૦ કરોડ લોકોને ઘેર ઘેર રાશન પૂરું પાડ્યું ,જે આખા નોર્થ અમેરિકામાં પહોંચી સકે તેટલો જથ્થો કહી સકાય .દેશમાં પીએમ આવાસ યોજનામાં ૧૫ કરોડ આવાસો ગરીબોને અર્પણ કર્યા .જે જાપાન ની કુલ વસ્તી જેટલા છે.પીએમ મોદીએ દેશ ને નવીન સાંસદ ભવન અર્પણ કર્યું છે દેશના તમામ ધાર્મિક સ્થળોનો આ સમયમાં મોટો વિકાસ થયો છે.વિસ્તાર થી વિકાસ નોમાર્ગ પીએમ દ્વારા બતાવાયો છે.ગુજરાતમાં પીએમ મોદી પરનાં અતૂટ વિશ્વાસમાં ગુજરાતીઓએ ખોબલે ખોબલે મત આપી રેકોર્ડ બ્રેક ૧૫૪ સીટો આપી,વિધાનસભાના ભાજપનો જીતનો રેકોર્ડ બનાવ્યો તે બદલ તમામનો માનું છું તેમ કહી સીએમ ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે " જેમ રામસેતુનાં નિર્માણ માં પ્રભુ રામ સાથે સેતુ બાંધવામાં ખિસકોલીનું જે યોગદાન હતું.તેવું તમામ યોગદાન આપણે પણ વર્ષ ૨૦૨૪ ની લોકસભા ચૂંટણીમાં પીએમ નરેન્દ્રભાઈ મોદીને કરવાનું છે. આ કાર્યક્રમમાં બનાસકાંઠા સાંસદ પરબતભાઈ પટેલ,રાજયસભા સાંસદ દિનેશભાઈ અનાવાડીયા, પ્રભારી જયંતીભાઈ કવાડિયા,પ્રદેશ ઉપાધ્યક્ષ નૌકાબેન પ્રજાપતિ ,જિલ્લા પ્રમુખ કીર્તિસિંહ વાઘેલા, દિયોદર ધારાસભ્ય કેશાજી ચોહાણ ,ડીસા ધારાસભ્ય પ્રવીણભાઈ માળી,ધાનેરા ધારાસભ્ય માવજીભાઈ દેસાઈ, પૂર્વ ધારાસભ્ય શશીકાંત પંડ્યા,પ્રદેશ મીડિયા સંપર્ક અભિયાન જિલ્લા પ્રભારી, લક્ષ્મણસિંહ રાજપુત તેમજ જિલ્લા બનાસ બેંક ચેરમેન સવજીભાઈ, જિલ્લા ભાજપ મહામંત્રી કનુભાઈ વ્યાસ, સંજયભાઈ બ્રહ્મભટ્ટ તેમજ મહામંત્રી શ્રેયાન્સભાઈ પ્રજાપતિ, ડિરેકટર શેલેશભાઈ પટેલ,મહિલા મોરચા પ્રમુખ ભીખીબેન વોરા,તેમજ પૂર્વ જિલ્લા પ્રમુખ ગુમાંનસિંહ વાઘેલા,મફતલાલ પુરોહિત, કૈલાશભાઈ ગેલોત,માલધારી સેલના સંજય દેસાઈ,તેમજ જિલ્લા ભાજપ અને થરાદ શહેર તેમજ તાલુકાના ભાજપ કાર્યકરો,બનાસડેરી તેમજ વિવિધ સહકારી માળખાના ડિરેકટર અને હોદ્દેદારો,મહિલા મોરચાની બહેનો વિગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુરમાં વિકાસ નકશાની મંજુરી પહેલા ટીપી રોડ બનાવી દેવાયો

### પાલિકાએ ખાનગી મિલકતમાં લાખોના ખર્ચે રોડ બનાવી દેતા વિવાદનો નવો ફણગો ફૂટ્યો : જમીન માલિકે રોડને ફરતે ફેંસિગ બાદ ઊભી કરી પ્રવેશ પર પાબંધી મૂકી

પાલનપુર તા.૧૧

પાલનપુર નગર પાલીકાના વિવાદિત વિકાસ નકશાને હજુ તો ગાંધીનગર થી મંજૂરી ની મહોર લાગી નથી ત્યાં પાલિકાના શાસકોએ ખાનગી મિલકતમાં સૂચિત ટીપી નકશામાં દર્શાવેલ રોડ બનાવી દેતા વિવાદ સર્જાયો છે જોકે પાલીકા ખાનગી મિલકતમાં લાખો રૂપિયાના ખર્ચે રોડ બનાવતા આ મિલકત ધારકે રોડ ને ફરતે ફેંસિંગ વાડ ઊભી કરી આ રોડ પર પ્રવેશ કરવા પર પાબંધી મૂકી દેતા પાલીકા તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, નગર પાલિકા શાસકોના શાસકોના અણધડ વહીવટને લઈ સતત વિવાદોમાં ઘેરાયેલી રહે છે જેમાં ભંગાર કૌભાંડનો વિવાદ હજુ શમ્યો નથી ત્યાં સૂચિત ટીપી નકશામાં દર્શાવેલ જગ્યા પર વિકાસ નકશાની મંજુરી પહેલા રોડ બનાવી દેવામાં આવતા વધુ એક વિવાદ સર્જાયો છે.

પાલનપુરમાં શાક માર્કેટ થી માન સરોવર તરફ જવાના માર્ગ પર આવેલ સર્વે નંબર ૩૧૦૨ વાળી ખાનગી માલિકીની જગ્યાના નગર પાલિકા દ્વારા રૂ.આઠ લાખની માતબર રકમના ખર્ચે સીસી રોડ બનાવી દેતામાં આવતા આ જમીન માલિક ખફા થઈ ઉઠયો હતો અને જે જગ્યા પહેલા લોકોની અવરજવર માટે ખુલ્લી હતી તે જગ્યા પર ફેન્સીગ વાડ બાંધી આ જગ્યામાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે જોકે પાલીકાના ચીફ ઓફિસર નવનીત પટેલ ના જણાવ્યા અનુસાર આ જગ્યામાં ટીપી રોડ બનાવાયો છે તો સવાલ એ પેદા થાય છે કે વિવાદિત વિકાસ નકશો હજુ તો ગાંધીનગર ખાતે મંજૂરી માટે મોકલવામાં આવ્યો છે અને તેના વાંધા સૂચનો મંગાવવામાં આવી રહ્યા છે તો વિકાસ નકશાની મંજૂરી પહેલા પ્રજાના ટેક્સના પૈસાનું એક રોડ પાછળ આંધણ કરવામાં આવ્યું હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે.




#### પાલીકાએ બનાવેલ રોડ ફેન્સીગ વાડમાં કેદ થયો

પાલનપુર નગરપાલિકા દ્વારા માન સરોવર રોડ પાસે આવેલ સર્વે નંબર ૩૧૦૨ વાળી ખાનગી જગ્યાના સીસી રોડ બનાવી દેતા આ જમીન માલિકે પોતાની જગ્યાએ ફરતે ફેન્સીગ વાડ ઊભી કરી આ જગ્યા પર પ્રવેશ કરવા પાબંધી મૂકી દેતા આઠ લાખના ખર્ચે બનાવેલ રોડ હાલ ફેન્સીગ વાડમાં કેદ થઈ જવા પામ્યો છે

#### વિકાસ નકશામાં દર્શાવેલ ટીપી રોડ બનાવ્યો છે - ચીફ ઓફિસર

પાલનપુરમાં શાક માર્કેટથી માન સરોવર તરફ જતા માર્ગ પર ગીતાબેન શાંતિલાલ માળી નામની મહિનાની જગ્યામાં પાલીકા દ્વારા લાખો રૂપિયાના ખર્ચે રોડ બનાવ્યો છે જે અંગે પાલીકાના ચીફ ઓફિસર નવનીત પટેલે જણાવ્યું હતું કે પાલીકા ના વિકાસ નકશામાં દર્શાવેલ જગ્યા પર ટીપી રોડ બનાવ્યો છે જોકે પાલીકાના વિકાસ નકશાને હજુ મંજૂરી મળી નથી અને વાંધા સૂચન ની પ્રકિયા ચાલી રહી છે ત્યારે ટીપી રોડ કઈ રીતે બનાવી શકાય તેવા પ્રશ્નો લોકોમાં ઉઠવા પામ્યા છે.

# ઓરાણ ખાતે પીવાના પાણીની ટાંકીનું આયુષ પૂર્ણ થતા પંચાયત દ્વારા ટાંકીને જમીન દોસ્ત કરવામા આવી



પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઓરાણ ખાતે પીવાના પાણી ની ટાંકી નુ આયુષ પૂર્ણ થતા પંચાયત દ્વારા ટાંકીને જમીન દોસ્ત કરવામા આવી. પ્રાંતિજ ના ઓરાણ ખાતે આવેલ પીવાના પાણી ની ટાંકી જર્જરિત થઈ જતા આખરે તેને દુર કરવાનો નિર્ણય તંત્ર દ્વારા લેવામા આવ્યો હતો જેમા ઓરાણ પંચાયત ના સરપંચ સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને જેસીબી મશીન તથા મશીનરી ની મદદત થી જર્જરીત થયેલ ટાંકી ને જમીન દોસ્ત કરવામા આવી હતી તો તંત્ર દ્વારા સાવધાની પૂર્વક જર્જરીત પાણી ની ટાંકી ને ઉતારી દેવામા આવી હતી અને જર્જરીત પીવાના પાણી ટાંકી સમયસર ઉતારી લેવામા આવતા મોટી જાનહાનિ પણ ટળી છે.




તલોદ જૈન સોશિયલ ગ્રુપ ૨૦ વર્ષની સફળ મંજીલ પૂર્ણ કરી ૨૧ મા વર્ષ મા મંગળ પ્રવેશ અને તલોદ સંગીની ફોરમ ત્રીજા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે ત્યારે આ બંને ગ્રુપ ના સહિયારા પ્રયાસોથી જૈન સમાજતેમજ સી ડી પટેલ કેન્દ્ર તલોદમાં ધો ૧૦ માં કેન્દ્રમાં પ્રથમ ત્રણ નંબરે ઉતીર્ણ થનાર જૈનેતર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રતિભા પુરસ્કાર સમારોહ આજ રોજ તલોદ દિગમ્બર વાડી ખાતે રાખવામાં આવ્યો હતો આ પ્રસંગે ડો. બી.કે.જૈન. પુર્વ પ્રિન્સિપાલ એમ જી સાયન્સ કોલેજ અને જૈન સોશ્યલ ગ્રુપ નડિયાદ ના માઈનોરીટી ચેરમેન ભરતભાઈ શાહ જૈન સોશિયલ ગ્રુપ અને સંગીની ફોરમ ના ચેર પર્સન દીપા બેન, જૈન સોશ્યલ ગ્રુપ નાપ્રમુખ પ્રણવ શાહ ઈન્ટર નેશનલ ડિરેક્ટર પિનાકીન ભાઈ શાહ,હોદેદારો સમાજ ના આગેવાનો અને જ્ઞાતિજનો ની ઉપસ્થિતિમા સમાજ ના તેજસ્વી તારલાઓ ને પ્રતિભા પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### સાંસદ, ધારાસભ્યની બેઠક વધતી નથી પરંતુ સરપંચોની બેઠક વધી

# ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં નવી ૧૬૬ ગ્રામ પંચાયતો અસ્તિત્વમાં

### લોકસભા ચૂંટણી પહેલાં સેમી ફાઈનલ જેવો જંગ જામશે

બાયડ, તા.૧૧

રાજ્યની ગ્રામ પંચાયતોમાં અનામતના મુદ્દે નિમાયેલા પંચનો રિપોર્ટ સરકારમાં સુપ્રત થયા પછી હવે રાજ્યમાં મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાઈ શકે છે. જે વર્ષ-૨૦૨૪માં યોજાનારી લોકસભા ચૂંટણી પહેલાં સેમી ફાઈનલ જેવો જંગ જામશે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાઓમાં દાયકાઓથી સાંસદ અને ધારાસભ્યની બેઠક વધતી નથી પરંતુ સરપંચોની બેઠક વધી છે. નવી ૧૬૬ ગ્રામ પંચાયતોને આગામી ચૂંટણી યોજાયા પછી નવા સરપંચ મળશે. મળતી જાણકારી અનુસાર હવે રાજકીય હંસા ભૂંસી વધતાં અનેક ગ્રામ પંચાયતોનું વિભાજન કરી નવી ગ્રામ પંચાયતો આપવાની ફેશન શરુ થઈ છે. પરંતુ દાયકા પહેલાં નવી પંચાયતો અસ્તિત્વમાં આવી તેમના રેવન્યુ વિલેજમાં પણ ફેરફારનો મુદ્દો અભરાઈ ઉપર છે અને આવા ગામની પ્રજા પંચાયત વિભાજન પછી પસ્તાઈ રહ્યાનો પસ્તાવો વ્યક્ત કરે છે. રાજ્યમાં વિભાજન પછી નવી ૩૬૫ ગ્રામ પંચાયતો અસ્તિત્વમાં આવી અને તેમાં ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ એટલે કે ૧૬૬ નવી પંચાયતોનું અસ્તિત્વ આવ્યું છે તેના ઉપરથી જ રાજકીય કાર્યકરો પંચાયતોના વિભાજનમાં કેટલા જાગૃત રહ્યા તે પૂરવાર થયું છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં અત્યાર સુધી ૨૭૪૭ પંચાયતો હતી તે પૈકી ૭૦ ટકા પંચાયતોમાં વર્તમાન સત્તાધિશોની મુદત પૂરી થઈ અને ઓ.બી.સી. અનામતનો મુદ્દો ગુંચમાં પડતાં વહીવટદારનું શાસન આવ્યું અને હજુ પણ નજીકમાં ચૂંટણી યોજાય તેવી શક્યતા નથી પરંતુ હવે ઓક્ટોબર મહિના પહેલાં ચૂંટણી યોજવી પડે તેમ છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં નવી પંચાયતોના અસ્તિત્વ પછી હવે કુલ-૨૯૧૩ પંચાયતો ૫ જિલ્લામાં હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે વિભાજન થયા પછી નવી પંચાયતોમાં સરપંચ બનવા માટે ખાસ કરીને યુવાઓમાં અત્યારથી સડવડાટ જોવા મળી રહ્યો છે.

#### ઉત્તર ગુજરાતમાં નવી પંચાયતો

| જિલ્લો | પંચાયત |
|---|---|
| સાબરકાંઠા | ૫૬ |
| અરવલ્લી | ૦૮ |
| બનાસકાંઠા | ૮૫ |
| મહેસાણા | ૦૬ |
| પાટણ | ૧૧ |

### નગરપાલિકાના વહીવટ સામે ભાજપના કાર્યકરોમાં અસંતોષની જવાળા

# બાયડના સુંદરપુરામાં જગજાહેર રોડ ઉપર મોટર મૂકી ગંદાં પાણી રોડ ઉપર નાખતાં રોષ

### દરરોજ દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓમાં પણ ગંદકીથી ચોંક્યા

બાયડ, તા.૧૧

બાયડ નગરપાલિકાના વહીવટી સામે ભાજપના કાર્યકરોમાં અસંતોષની જવાળા સામે આવી છે. સુંદરપુરામાં શનિવારે ઉભરાતી ગટરો સાફ કરવા માટે પાલિકામાં રજૂઆત પછી વાહન તો મોકલ્યું પરંતુ કર્મચારીઓએ મોટર મૂકી ગંદાં પાણી રોડ ઉપર નાખતાં માથું ફાડી નાખે તેવી દુર્ગંધના કારણે સ્થાનિક રહીશો સહિત દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓમાં રોષ જોવા મળી રહ્યો છે. મળતી જાણકારી અનુસાર ભાજપ શાસિત નગરપાલિકામાં હવે બાયડ ઉપરાંત તેના અન્ય વિસ્તારોમાં પણ ખાડે ગયેલા વહીવટ સામે આક્રોશ સતત વધી રહ્યો છે. અત્યાર સુધી પ્રજા આક્રોશ વ્યક્ત કરે એટલે સંગઠનને ઉંધાં ચશ્માં પહેરાવી મનાવી લેવાતું હતું પરંતુ હવે ભાજપના કાર્યકરો પાલિકામાં સતત કથળતા વહીવટ સામે મોરચો માંડે તેવી સ્થિતિમાં આવી ગયા છે. શનિવારે બપોરે સુંદરપુરામાં ઉભરાતી ગટરની વારંવારની ફરિયાદ પછી પાલિકાના સત્તાધિશોએ ઉપકાર કર્યો હોય તેમ વાહન મોકલ્યું અને ત્યાં ચતુર કર્મચારીઓએ ગંદા પાણી ટેક્રમાં ભરીને દૂર ફેંકી આવવાના બદલે મોટર મૂકી ગંદાં પાણી રોડ ઉપર કાઢતાં પળવારમાં માથું ફાડી નાખે તેવી દુર્ગંધ ચોક્કસ ફળીયામાં આવતાં રહીશોમાં વ્યાપક રોષ જોવા મળ્યો છે. ભાજપના કાર્યકર સુરેશભાઈ પટેલે જણાવ્યું કે અમે બાયડ પાલિકાના વહીવટથી હવે ત્રાસી ઉઠ્યા છીએ. એક તરફ રાજ્ય સરકાર ગંદકી દૂર કરવા માટે પાલિકાઓને માતબર ગ્રાન્ટ ફાળવે છે પરંતુ બાયડ પાલિકામાં ગંદકી દૂર કરવાનાં સાધનો લકવાગ્રસ્ત હોય તેવી સ્થિતિ છે. આવનારા દિવસોમાં સુંદરપુરા ઉપરાંત અન્ય વિસ્તારોમાંથી પણ ગંદકી મુદ્દે હોબાળા થવાની સંભાવના છે.



# હાર્ટ એટેકના હુમલામાં તાત્કાલિક CPR આપી કેવી રીતે બચાવી શકાય તે માટે મોડાસામાં જિલ્લા પોલિસ તંત્ર દ્વારા પ્રશિક્ષણ શિબિર

મોડાસા,તા.૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ગુજરાત પોલીસ દ્વારા આયોજિત ISA ગુજરાતના સહયોગથી પોલીસ વિભાગ માટે CPR પ્રશિક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું

રાજ્યમાં ૫૧ સ્થળોએ સ્વાસ્થ્ય અને સલામતીના ભાગરૂપે તા. ૧૧ જૂનના રોજ ૫૫ હજારથી વધુ પોલીસ જવાનોને કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન-CPR તાલીમ આપવામાં આવી. આ એક દિવસીય તાલીમ કાર્યક્રમમાં રાજ્યની ૩૭ મેડિકલ કોલેજો અને અન્ય ૧૪ સ્થળો પર ૨૫૦૦થી વધુ ડૉકટરો અને તબીબી વ્યવસાયિકો દ્વારા CPRની સંપૂર્ણ સૈદ્ધાંતિક અને પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી. જે રાજ્યના જુદા જુદા ૫૧ સ્થળો પર CPR પ્રશિક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું. આ સમગ્ર તાલીમનું આયોજન રાજ્ય સરકાર અને ઈન્ડીયન સોસાયટી ઓફ એનેસ્થેસિયોલોજીસ્ટ ISA-ગુજરાત ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે યોજાઈ હતી. અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આવેલા મહાલક્ષ્મી ટાઉનહોલમાં આજરોજ સીપીઆર પ્રશિક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું. આ તાલીમમાં ડોકટર વિપુલભાઈ, ડોકટર ઘનશ્યામભાઈ, ડોકટર મુકેશભાઈ ડૉ.દિવ્યાંગ પટેલ તેમજ અરવલ્લી – સાબરકાંઠા એનેસ્થેસિયા એસોસિએશનના પ્રમુખ તેમજ ઉપસ્થિત અન્ય ડોક્ટરો દ્વારા પોલીસ કર્મચારીઓને સી.પી.આર.ની સંપૂર્ણ સૈદ્ધાંતિક અને પ્રેક્ટીકલ તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોડાસાના ધારાસભ્ય અને મંત્રી ભિખુસિંહ પરમાર, અરવલ્લી જિલ્લા પોલીસવડા સંજય ખરાત, અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રાજેન્દ્ર પટેલ, મોડાસા નગરપાલિકા પ્રમુખ જલ્પાબેન ભાવસાર, અરવલ્લી અને સાબરકાંઠા એનેસ્થેસિયા એસોસિએશનના પ્રમુખ, ડો. ઘનશ્યામભાઈ, ડો.વિપુલભાઈ, ડો.મુકેશભાઈ તેમજ અરવલ્લી જિલ્લા પોલીસ વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા

